GJMR010016032026

| | |
|---|---|
| દાખલ તારીખ | : ૨૬–૦૫–૨૦૨૬ |
| રજીસ્ટરે લીધા તારીખ | : ૨૬–૦૫–૨૦૨૬ |
| નિકાલ તારીખ | : ૧૬–૦૬–૨૦૨૬ |
| સમયગાળો: | વર્ષ– ૦૦ માસ– ૦૦ દિવસ– ૨૧ |

**<u>મોરબી જીલ્લાના અધિક સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુ. મોરબી.</u>**

**ફો.પ.અ.નં.૭૯૫/૨૦૨૬**
**આંક–**

**સુરેશભાઇ લીલાભાઇ ઇટોદરા**
ઉ.વ.:–૩૬, ધંધો:–ખેતી,
રહે. દિઘડીયા, તા.હળવદ, જી.મોરબી. **અરજદાર**

**વિરુધ્ધ**

**શ્રી ગુજરાત સરકાર,**
મારફતે : વિ.પી.પી.શ્રી,
મોરબી. **સામાવાળા**

---

**બાબત:– બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ મુજબની મુદામાલ સ્પ્લેન્ડર પ્લસ જેના રજી. નં.જી.જે.–૩૬–એ.કયુ.–૯૫૧૪ પરત મેળવવા માટેની અરજી.**

---

**વકીલશ્રીઓ :– અરજદાર તરફે વિ.વ.શ્રી એમ.પી.ઓઝા**
**સામાવાળા તરફે વિ.એડી.પી.પી.શ્રી એસ.સી.દવે**

---

**<u>–: ઠરાવ :–</u>**

**૧.** અરજદાર તરફે રજુ થયેલ અરજી વંચાણે લીધી. અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજો વંચાણે લીધા. અરજદારના વિદ્વાન વકિલ શ્રી આર.ડી.ચાવડા તથા સરકારપક્ષે વિદ્વાન એડી. પબ્લિક પ્રોસીક્યુટર શ્રી એસ.સી.દવેને સાંભળ્યા તથા આંક–૫ થી ઇ.ચા. પોલીસ સબ ઈન્સપેક્ટર, હળવદનો અભિપ્રાય વંચાણે લીધો.

**૨.** અરજદાર તરફે તેમના વિદ્વાન વકિલશ્રી એમ.પી.ઓઝાનાઓ દ્વારા એવી ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ છે કે, હળવદ પોલીસ

સ્ટેશન એ પાર્ટ ગુના રજી. નં.૧૮૨/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઇ)(એમ), ૬૫(૧), ૫૪ તથા પોક્સો અધિનીયમની કલમ–૪, ૫(એલ), ૬, ૧૭ ના કામે કબજે કરેલ મુદામાલ સ્પ્લેન્ડર પ્લસ જેના રજી. નં.જી.જે.–૩૬–એ.કયુ.–૯૫૧૪ પરત મેળવવા માટે અરજદારે હાલની અરજી કરેલ છે. ટ્રાયલ ચાલતા ઘણો લાંબો સમય લાગે તેમ છે અને અરજદારનુ મુદામાલ મોટર સાયકલ લાંબો સમય સુધી પોલીસ સ્ટેશનમાં પડી રહે તો ખરાબ થઇ જાય તેમછ છે અને ઉપયોગમાં લઇ શકાય તેવો રહે નહી તેમજ પોલીસ સ્ટેશનમાં તેને રાખવાની કોઇ વ્યવસ્થા પણ નથી. વધુમાં એવી રજુઆત કરેલ છે કે, અરજદારે કોઇ ગુનો કરેલ નથી. માલીકી અંગેના દસ્તાવેજો અરજદારે રજુ કરેલ છે. મુદામાલ મોટર સાયકલ અરજદારની આવકનું સાધન હોય તેમજ જે આરોપી પાસેથી મુદામાલ કબજે કરવામાં આવેલ તેઓ દ્વારા પણ નોઓબ્જેકશન કરી આપેલ હોય જેથી હાલની અરજી મંજુર કરવા વિનંતી છે.

3. અરજી અનુસંધાને ત.ક.અ.નો રીપોર્ટ મંગાવતા તેઓએ તે અંગેનો અભિપ્રાય લખી આપી જણાવેલ છે કે, સદરહું ગુનાની ટ્રાયલ ચાલુ હોય જરૂર જણાયે મુદામાલ અરજદાર હાજર નહી રાખે તેમજ સદરહું મોટર સાયકલ અરજદારને સોંપવામાં આવશે તો ફરીથી ગંભીર ગુનામાં મુદામાલનો ઉપયોગ થવાની સંભાવના રહેલ હોય તેમજ અરજદાર સદરહું મુદામાલ મોટર સાયકલ વેચી નાખે અથવા તો ફેરફાર કરે તેવી પુરેપુરી શકયતા હોય જેથી અરજદારને મુદામાલ પરત નહી સોંપવા તેમનો અભિપ્રાય થતો નથી.

૪. આ કામે અરજદારની અરજી તથા તેની હકીકતો વંચાણે લેતાં તથા અરજદાર દવારા રજુ કરવામાં આવેલ દ.પુ. વંચાણે લેતાં તથા વિદ્વાન એડી. પબ્લીક પ્રોસીકયુટરની રજુઆત તેમજ આ કામે રજુ થયેલ

પંચનામું, મુદામાલ પાવતી, આર સી. બુકની નકલ, તથા ઈ.ચા. પોલીસ ઈન્સપેકટર, હળવદનો આંક–૫ થી રજુ થયેલ અભિપ્રાય ધ્યાને લેતા સદરહુ મુદામાલ વાહનના નંબર આર. સી. બુકમાં જણાવ્યા પ્રમાણેના જ જણાય આવે છે અને સદરહુ મુદામાલ વાહનના રજીસ્ટર ઓર્નર હાલના અરજદાર હોવાનું રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ઉપરથી પ્રથમ દર્શનીય જણાઈ આવે છે. ત્યારે સદર વાહન હાલના અરજદારના નામે વાહન વ્યવહારની કચેરીમાં ચાલે છે. ત્યારે આ કામે અરજદાર સિવાય અન્ય કોઈ ઈસમે સદર મુદામાલ મેળવવા અરજી કરેલ નથી કે આ અરજી સામે વાંધો લીધેલ નથી જેથી કેસ પેપર્સ જોતા અરજદાર સદરહું મુદામાલના માલીક હોવાનું દસ્તાવેજી પુરાવા ઉપરથી પ્રથમ દર્શનિય જણાઈ આવે છે તેમજ સદરહું મુદામાલ જેની પાસેથી કબજે કરવામાં આવેલ છે તે આરોપી દ્વારા પણ નોઓબ્જેકશન પુરશીશ હાલના કામે રજુ કરેલ છે. વળી, સદર કામે રજુ થયેલ ઈ.ચા. પોલીસ ઈન્સપેકટર, હળવદનો આંક–૫ થી રજુ થયેલ અભિપ્રાય ધ્યાને તથા વંચાણે લેતાં સદર મુદામાલ વાહનનો હથીયાર તરીકે ઉપયોગ થયેલ હોય કે સદર મુદામાલ વાહન ઉપર કોઈ લોહીના નિશાનો કે અન્ય કોઈ નિશાની મળી આવેલ નથી કે તેવો ત. ક. અમલદારનો અભિપ્રાય નથી કે એફ.એસ.એલ. માટે સદર વાહનને મોકલવાની જરૂરીયાત પણ નથી તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતે સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. ગુજરાત રાજય–૨૦૦૩ (૧), જી.એલ.એચ. પાના નં. ૩૦૭ નાં ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો તથા માર્ગદર્શનને લક્ષમાં રાખી સદરહુ મુદ્દામાલ વાહન વધુ સમય પોલીસ સ્ટેશનમાં રાખી મુકવુ ન્યાયોચિત જણાતુ નથી અને જો તેમ કરવામાં આવે તો સદરહુ મુદામાલને નુકસાન થશે અને સદરહુ મુદ્દામાલની મુળ કિંમતમાં ઘટાડો થશે અને અરજદારને ખોટી મુશ્કેલી વેઠવી પડશે, વિગેરે તમામ સંજોગો ધ્યાને રાખી સદરહુ મુદામાલ

શરતોને આધીન અરજદારને વચગાળાની કસ્ટડીથી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે તો તે મારી દૃષ્ટીએ યોગ્ય અને વ્યાજબી જણાશે, પરીણામે નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**-::હુ ક મ ::-**

૧. આ કામના અરજદાર **સુરેશભાઈ લીલાભાઈ ઈટોદરા** ઉ.વ.:-૩૬, ધંધો:-ખેતી,રહે. દિઘડીયા, તા.હળવદ, જી.મોરબી નાઓની હળવદ પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુના રજી. નં.૧૮૨/૨૦૨૬, બી.એન.એસ. ની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઇ)(એમ), ૬૫(૧), ૫૪ તથા પોકસો અધિનીયમની કલમ-૪, ૫(એલ), ૬, ૧૭ ના કામે કબજે કરેલ મુદામાલ સ્પ્લેન્ડર પ્લસ જેના રજી. નં.જી.જે.-૩૬-એ.કયુ.-૯૫૧૪ વાળું વચગાળાના સમય માટે પરત મેળવવા માટેની કરેલી હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના અરજદારને મુદામાલ સ્પ્લેન્ડર પ્લસ જેના રજી. નં.જી.જે.-૩૬-એ.કયુ.-૯૫૧૪ મુદામાલ પાવતીમાં દર્શાવેલ કિંમતથી દોઢી રકમના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન મુદામાલ કાર અરજદારને બી.એન.એસ.એસ.ની કલમ-૪૯૭ અન્વયે વચગાળાની કસ્ટડીમાં પરત સોંપવી.

**-:: શ ર તો ::-**

૧. અરજદારે આ કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી મુદામાલ વાહન કોઈપણ વ્યકિત યા સંસ્થાને બક્ષીસ, ગીરો, વેચાણ, ટ્રાન્સફર કે તબદીલ કરવો નહી.

૨. ત ક. અમલદારે અરજદારના ખર્ચે મુદામાલ વાહનના સંપૂર્ણપણે દેખાય તે રીતે જુદા જુદા એંગલથી ફોટા પાડી પોકસો કેસ નં.૩૦/૨૦૨૬ ના કામે રજુ કરવા.

૩. અરજદારે અત્રેની અદાલત ફરમાવે ત્યારે મુદામાલ વાહન પોતાના ખર્ચે રજુ કરવો.

૪. અરજદારે આ કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી મુદામાલ વાહનની મશીનરી, રંગમાં કાયમી સ્વરૂપનો ફેરફાર થાય તેવું કૃત્ય કરવું નહી અને વાહનની યથા સ્થિતી સ્વખર્ચે જાળવી રાખવી.
૫. અરજદારે મુદામાલ વાહનનો કોઈ ગુનાહીત પ્રવૃતિમાં ઉપયોગ કરવો નહીં.
૬. અરજદારે મુદામાલ સ્પ્લેન્ડર પ્લસ જેના રજી. નં.જી.જે.–૩૬–એ.કયુ.–૯૫૧૪ પરત મળ્યાના દિન–૭ માં એચ.ડી.એફ.સી. બેંક લી. નું નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ રજુ કરવું અન્યથા મુદામાલ મો.સા. સબંધીત અધિકારીશ્રીએ જપ્ત કરવો.
૭. જામીન ખત બોન્ડ પો. સ્ટે. માં આપવા.
૮. હુકમની યાદી ત.ક. અમલદારને પાઠવવી.

આ હુકમ આજરોજ તારીખ : ૧૬ મી, માહે : જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :– મોરબી
તા.૧૬/૦૬/૨૦૨૬

**(ભુમિકા કનૈયાલાલ ચંદારાણા)**
એડીશ્નલ સેસન્સ જજ, મોરબી.
(કોડ નં.જીજે૦૦૬૭૧)

//NDB//